

# સારસામાં માધુમતી ખાડીમાં નાવડી વડે આડેધડ રેતીખનન

ઝઘડિયાઃ ઝઘડિયાના સારસા ગામે માધુમતી ખાડીમાં કઠિતપણે રેતીખનનનો વિવાદિત મુદ્દો ફરીવાર ચર્ચાની એરણે છે.

સારસા ગામે માધુમતિ ખાડીમાં થતાં રેતીખનનના મુદ્દે અગાઉ પણ ઘણીવાર વિવાદ થયો હતો. ખાડીમાં થતું રેતીખનન અમુક સમય બંધ રહ્યા બાદ ફરીથી ધમધોકાર ચાલુ થયું છે અને નાવડી વાપરીને રેતી ઉલેચવામાં આવી રહી છે. આ બાબતે લીઝ હોલ્ડરને જાગૃત નાગરિક ધ્યાન દોરતા સામેથી મનઘડત જવાબ આપી જણાવ્યું કે આ તો હંમેશથી ચાલી રહ્યું છે. તમે ખાણ-ખનીજ વિભાગને કહેજો. આવા જવાબથી આ લોકોને જાણે ખનીજ વિભાગનો કોઈ ડર લાગતો ન હોય એમ લાગે છે. જો કે, આ બાબતે જાગૃત નાગરિક દ્વારા ટૂંક સમયમાં ખાણ-ખનીજ વિભાગ અને ઝઘડિયા SDMને લેખિત રજૂઆત કરીને પગલાં ભરવા માંગ કરવામાં આવનાર છે.

# વાલેસા નજીક બે લક્ઝરી બસ અને ડમ્પર વચ્ચે અકસ્માત, સાત ઘાયલ

**અકસ્માતને** પગલે ચારથી પાંચ કિલોમીટર સુધી ટ્રાફિક જામ, કોસંબા પોલીસ દોડતી થઇ

હથોડાઃ પાલોદ પોલીસ ચોકી હદ વિસ્તારના વાલેસા નજીક હાઈવે પર લક્ઝરી બસના ચાલકે આગળ ચાલતા ડમ્પરમાં ધડાકાભેર લક્ઝરી બસ અથડાવતાં અને લક્ઝરી બસની પાછળ ચાલતી અન્ય એક લક્ઝરી બસને પણ ડમ્પર અને બસની ટક્કર લાગતાં ત્રિપલ અકસ્માતમાં લક્ઝરી બસના ચાલક સહિત સાતેક જેટલા મુસાફરોને નાની-મોટી ઈજા થતાં વરાછાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. આ અકસ્માતને પગલે ચારથી પાંચ કિલોમીટર સુધી ટ્રાફિક જામ થયો હતો. કોસંબા પોલીસ દોડતી થઈ



ઈબ્રાહીમ કાનુ

ઘટનાની વિગત એવી છે કે, સુરતથી પાલીતાણા તરફ જઈ રહેલી જય વાલમ ટ્રાવેલ્સની જીજે 5 સીવાય 9952 નંબરની લક્ઝરી બસ સુરતથી નીકળીને કીમ ચાર રસ્તા પહોંચી વાલેસા ગામ નજીકથી પસાર થતી હતી. ત્યારે બસના ચાલકે આગળ ચાલતા ડમ્પર સાથે પાછળથી જોરથી ધડાકાભેર બસ અથડાવી દેતાં અને લક્ઝરી બસની પાછળ ચાલી રહેલી અન્ય એક લક્ઝરી બસને પણ ડમ્પર અને લક્ઝરી બસની ટક્કર લાગતાં ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતાં લક્ઝરી બસના મુસાફરોમાં ભારે ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. આ બનાવમાં લક્ઝરી બસના ચાલક સહિત સામાન્ય કે વધુ ઈજા પામેલા સાતેક જેટલા મુસાફરોને સુરતના વરાછાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. આ અકસ્માતને પગલે ચારથી પાંચ કિલોમીટર સુધી ટ્રાફિક જામ થયો હતો. આ ઘટનાની જાણ થતાં કોસંબા પોલીસના કાફલાએ ઘટના સ્થળે દોડી આવી કાર્યવાહી હાથ ધરી હતી.

# ઉચ્છલ તાલુકા પંચાયતના આરઓ વિથ કૂલરની તપાસમાં ઢાંકપીછોડો

**એક** વર્ષ પહેલાં શાળા અને આશ્રમશાળાઓમાં મુકાયેલાં હલકી ગુણવત્તાનાં લગભગ તમામ કૂલર બગડી ગયાં



### શાળાઓમાં કૂલર હોવા છતાં ડુપ્લિકેશન કરી ગ્રાન્ટનો વેડફાટ

વ્યારાઃ ઉચ્છલની શાળા અને આશ્રમશાળાઓમાં અન્ય કોઈ સરકારી યોજનામાં ત્રણ-ચાર વર્ષ પહેલાં આરઓ વિથ કૂલર મુકાયાં હતાં. ગ્રાન્ટ ફાળવણીના નિયમ મુજબ નજીકનાં વર્ષોમાં જે કામ કે સાધન માટે ગ્રાન્ટ ફાળવાય હોય તે કામ કે સાધન માટે ફરી ગ્રાન્ટ ફાળવવામાં આવે તો તે ડુપ્લિકેશનની વ્યાખ્યામાં આવે છે. ઉચ્છલની શાળા અને આશ્રમશાળાઓમાં ગ્રાન્ટ મંજૂર કરનારા જિલ્લા પંચાયતના ઉચ્ચ અધિકારીઓની પણ આ મામલામાં સંડોવણી દેખાઈ રહી છે.

### હું કાંઈ જાણતો નથી

આરઓ વિથ કૂલરની ફાળવણી મારા સમય થઈ નથી, તે વિશે હું કાંઈ જાણતો નથી.

**-એસ.કે.સોનાની, એસઓ, તાલુકા પંચાયત, ઉચ્છલ.**

વ્યારાઃ ઉચ્છલ તા.પં. કચેરીએ એક વર્ષ પહેલાં નાણાંપંચની ગ્રાન્ટમાંથી અંદાજે રૂ.૨૦ હજારના આરઓ વિથ કૂલર ખરીદી તેના રૂ.૧.૨૫ લાખનું બિલ મંજૂર કરી રૂ.૧૫થી ૨૦ લાખની મોટી ખાયકીનો ખેલ કર્યો હતો. આ કૌભાંડ થોડા સમય પહેલા ઉજાગર થયું હતું. પરંતુ આ મામલે તપાસની તમામ બાબતો પર ઢાંકપિછોડો કરતાં તેને ટીડીઓ અને ડીડીઓ કક્ષાએથી દબાવી દેવામાં આવ્યું હોવાની શક્યતા છે.

ઉચ્છલ તાલુકા પંચાયતે તાલુકાની કેટલીક સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ આશ્રમશાળાઓમાં એક વર્ષ પહેલાં નાણાંપંચની ગ્રાન્ટમાંથી આરઓ વિથ કૂલર ઇન્સ્ટોલ કર્યાં હતાં. આ આરઓ વિથ કૂલર ઇન્સ્ટોલ કરાયાના માત્ર ૬ મહિનામાં જ બગડી ગયા પછી તેને રિપેરિંગ નહીં કરાતા હલકી ગુણવત્તાના આરઓ વિથ કૂલર પધરાવાયાં હોવાની બૂમ ઊઠી હતી. આ મામલો ગાજતાં બગડી ગયેલાં આરઓ વિથ કૂલર યુનિટ દીઠ રૂ.૧,૨૫,૨૫૦ની કિંમતે ખરીદાયા હોવાની હકીકત સામે આવી હતી. જ્યારે હકીકતમાં શાળા અને આશ્રમશાળાઓમાં મુકાયેલાં આરઓ વિથ કૂલર બજારમાં રૂ.૨૦ હજારની કિંમતે મળતાં હતાં. આમ એક આરઓ વિથ કૂલરમાંથી રૂ.૧ લાખ જેટલી મોટી કટકી ખાવાની બૂમરાણ હતી. તાલુકામાં અંદાજે ૧૫થી ૨૦ યુનિટ મુકાયા હોવાથી તેમાં રૂ.૧૫થી ૨૦ લાખની ખાયકી થઈ હોવાની આશંકા છે. આમ તો આ કૌભાંડ ગ્રામ પંચાયતોએ કર્યું હોવાનું પ્રથમ દર્શનીય રીતે લાગી રહ્યું હતું. પરંતુ વધુ બારીકાઇથી જોતાં આ કૌભાંડમાં ગ્રામ પંચાયતોના ખભાનો ઉપયોગ કરી મદદનીશ ઇજનેર, ટીડીઓ અને એજન્સી ખેલ કરી ગઈ હતી. આરઓ વિથ કૂલરના બિલ ગ્રામ પંચાયતો મારફતે મુકાવાયાં હતાં. પરંતુ તાલુકાની શાળા અને આશ્રમશાળાઓમાં એકસરખી ક્વોલિટીનાં આરઓ વિથ કૂલર મુકાયાં હોવાથી કોઈ ચોક્કસ વ્યક્તિએ કે એજન્સીએ આરઓ વિથ કૂલર ખરીદાં હોવાની બાબત સામે આવી હતી.

એજન્સીએ રૂ.૧.૨૫ લાખના આરઓ વિથ કૂલરના બદલે રૂ.૨૦ હજારની કિંમતના હલકી કક્ષાના કંપનીનાં માર્કા વગરનાં યુનિટ પધરાવી દીધાં હતાં. આ સંજોગોમાં સરકાર આ કૌભાંડની તપાસ ઉચ્ચ સ્તરેથી કરાવે તે જરૂરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે કોઈપણ સરકારી સંસ્થાને કોઈપણ સાધન કે સેવાની જરૂરિયાત હોય તો તેણે ગ્રાન્ટ ફાળવતી એજન્સી કે અધિકારીને દરખાસ્ત કરવાની હોય છે. આ કિસ્સામાં કોઈ ભલામણ કે દરખાસ્ત થઇ ન હોવા છતાં આરઓ વિથ કૂલર મૂકી નાણાપંચની ગ્રાન્ટને વેડફી છે.

# બાબરીમાંથી પરત આવતા સુલતાનપુરાના બે પિતરાઈ ભાઈને અકસ્માત, એકનું મોત

**ઝરપણીયા** પાસે રિક્ષાએ બાઇકને ટક્કર મારી, એક ઘાયલ

ઝઘડિયાઃ ઝઘડિયાના ઝરપણીયા પાસે એક અજાણ્યા રિક્ષાચાલકે અડફેટે લેતાં મોટરસાઈકલ સવાર બે પિતરાઈ ભાઈઓ પૈકી એકનું મોત થયું હતું. તેમજ એકને ઈજા થઈ હતી.

ઝઘડિયાના સુલતાનપુરા ખાતે રહેતો મનીષભાઈ મનસુખભાઈ વસાવા અને તેનો પિતરાઇ ભાઇ પ્રવીણ વસાવા બાઇક લઇને તા.૧૬મી ફેબ્રુઆરીએ બપોરે વાડી-મીરાપોર ગામે બાબરીના પ્રસંગમાં ગયા હતા.

બાબરી વિધિ પતાવીને તેઓ સાંજના ઘરે આવવા નીકળ્યા હતા. એ વેળા સાંજે સાડા છ વાગ્યાના અરસામાં તેમની પાછળ આવતી એક રિક્ષાએ મોટરસાઈકલને ટક્કર મારીને જતી રહી હતી.

મોટરસાઈકલ પર સવારે બંને પિતરાઈ ભાઈઓ નીચે પડ્યા હતા, જેમાં પ્રવીણ વસાવાને માથામાં ગંભીર ઈજા થતાં તેઓ બેભાન થઈ જતાં વાલિયા સરકારી દવાખાનામાં લઈ જતા તબીબે તપાસીને તેઓને મરણ જાહેર કર્યા હતા. અકસ્માતની આ ઘટના સંદર્ભે ઈજાગ્રસ્ત મનીષ વસાવાએ ઝઘડિયા GIDC પોલીસમથકમાં ફરિયાદ આપતાં અકસ્માત કરીને ભાગી ગયેલા અજાણ્યા રિક્ષાચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# મોટી નરોલી પાસે હાઈવે પર આગળ દોડતા વાહન પાછળ ટ્રક ઘૂસી ગઈ, ચાલક ઘાયલ

**અકસ્માતને** પગલે હાઇવે પર ટ્રાફિકજામ

હથોડાઃ નેશનલ હાઈવે પર કોસંબાના ધામણોદથી લઈ પીપોદરા વચ્ચે વારંવાર જીવલેણ અકસ્માત સર્જાઇ રહ્યા છે. ત્યારે શુક્રવારે વહેલી સવારે મોટી નરોલી નજીક હાઈવે પર વધુ એક અકસ્માત થયો હતો, જેમાં અંકલેશ્વરથી સુરત તરફ જઈ રહેલા શાકભાજી ભરેલી ટ્રકના ચાલકને મોટી નરોલી નજીક હાઈવે પર ઝોકુ આવી જતાં સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દઈ આગળ ચાલતા કોઈક વાહનમાં ટ્રક ધડાકાભેર અથડાવી દીધી હતી, જેમાં ટ્રકની કેબિનનો ખુરદો નીકળી જવા સાથે ચાલક કેબિનમાં ફસાઈ જતાં ઘાયલ થયો હતો. જેને લોકોએ બહાર કાઢી સારવાર માટે ખસેડ્યો હતો.





ઈબ્રાહીમ કાનુ

ઘટનાની વિગત એવી છે કે, આર.જે 29 જેઆર 3124 નંબરની ટ્રકમાં શાકભાજી ભરી હતી અને ટ્રક અંકલેશ્વર તરફથી સુરત તરફ જઈ રહી હતી. ત્યારે મોટી નરોલી નજીક હાઈવે પર ચાલકને ઝોકુ આવી જતાં તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં આગળ ચાલતા વાહનમાં ધડાકાભેર પાછળથી ટ્રક અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં ટ્રકની કેબિનને મોટું નુકસાન થતાં ચાલક ઈજા પામ્યો હતો. હજી સુધી આ બાબતે કોસંબા પોલીસમાં આ લખાય છે ત્યાં સુધી ફરિયાદ નહીં નોંધાતાં ટ્રકચાલકનું નામ જાણી શકાયું નથી.

અકસ્માતને પગલે અમદાવાદથી મુંબઈ તરફ જતા હાઈવે પર ટ્રાફિકજામનો પ્રશ્ન સર્જાયો હતો અને લોકો અટવાયા હતા. આખરે જિલ્લા ટ્રાફિક પોલીસે ઘટના થોડા ઘસી જઈ ટ્રાફિક પ્રશ્ન હળવો કર્યો હતો.



# નિઝરમાં એક્સપ્રેસ બસમાં પાસ ચલાવવા વિદ્યાર્થીઓની માંગ

વ્યારાઃ નિઝર તાલુકા મથકે આવેલ માધ્યમિક શાળા, ઉચ્ચત્તર માધ્યમિક શાળા સહિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને આઈ.ટી.આઈ.માં ભણવા માટે નિઝર તાલુકાના અનેક ગામડાંમાંથી વિદ્યાર્થીઓ આવતા હોય છે. જે વિદ્યાર્થીઓ પોતાના ગામથી ભણવા માટે તાલુકા મથકે બસમાં મુસાફરી કરીને આવતા હોય છે. પરંતુ દુઃખની વાત એ છે કે, જે વિદ્યાર્થીઓ પાસે એક્સપ્રેસ બસનો પાસ હોવા છતાં પણ અમુક એક્સપ્રેસ બસમાં વિદ્યાર્થીઓના પાસ ચલાવવામાં આવતો નથી. જે અંગે ગતરોજ શુક્રવારે વિદ્યાર્થીઓએ નિઝર મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## કડોદમાં ખપ્પર જોગણી માતા મંદિરમાં કાર્યક્રમ

બારડોલીઃ કડોદ ગામના માહ્યાવંશી મહોલ્લામાં ખપ્પર જોગણી માતા મંદિરમાં તા.19 અને 20 ફેબ્રુઆરીએ મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું હતું. બે દિવસીય આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં હોમ-હવન, ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# તાપી કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા 5 ક્લાર્કની નાયબ મામલતદાર તરીકે બઢતી

**જિલ્લાના** મહેસૂલી મહેકમ હેઠળ ફરજ બજાવતા નાયબ મામલતદાર સંવર્ગના કર્મચારીઓની બદલી

વ્યારાઃ મહેસૂલ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની તાપી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મહેસૂલી કારકુન વર્ગ-૩ સંવર્ગમાં ફરજ બજાવતા કુલ ૫ કર્મચારીને નાયબ મામલતદાર વર્ગ-૩ની મહેસૂલી સેવા સંવર્ગમાં તદ્દન હંગામી ધોરણે બઢતી આપવામાં આવી છે. ક્લાર્ક સંવર્ગના કર્મચારીઓને નાયબ મામલતદાર સંવર્ગની બઢતીથી નિમણૂક આપવા તથા જિલ્લાના મહેસૂલી મહેકમ હેઠળ ફરજ બજાવતા નાયબ મામલતદાર સંવર્ગના કર્મચારીઓની જાહેરહિતમાં વહીવટી કારણોસર બદલીથી નિમણૂકવાળી જગ્યાએ ફરજ બજાવવા કલેક્ટર કક્ષાએથી હુકમ થયો છે.

જેમાં અજયસિંગ ગામીત ક્લાર્ક, મામલતદાર કચેરી ઉચ્છલની નાયબ મામલતદાર (ઈ-ધરા) ઉચ્છલ, ચંદ્રશેખ શર્મા ક્લાર્ક (મતદાર યાદી), કલેક્ટર કચેરી તાપીની નાયબ મામલતદાર (મતદાર યાદી), કલેક્ટર કચેરી તાપી અને વધારાનો હવાલો પી.એ. ટુ કલેક્ટર, તાપી, કૈલાસબેન કે.પરમાર ક્લાર્ક (એડીએમ),તાપીની નાયબ મામલતદાર (એમડીએમ) અને વધારાનો હવાલો નાયબ મામલતદાર (એડીએમ), તાપી, સાગર ડી. કાપડિયા ક્લાર્ક, મામલતદાર કચેરી ડોલવણની નાયબ મામલતદાર (ઈ-ધરા), સોનગઢ, મીનાક્ષીબેન કોંકણી ક્લાર્ક, પ્રાંત કચેરી વ્યારાની નાયબ મામલતદાર (એટીવીટી), વાલોડ, મનોજ ગામીત નાયબ મામલતદાર (ચૂંટણી), કલેક્ટર કચેરી તાપીની નાયબ મામલતદાર (ઈ-ધરા), વાલોડ, નયન ચૌધરી નાયબ મામલતદાર (ન.પા.સા.ચૂં.૨૦૨૪), કલેક્ટર કચેરી તાપીની સર્કલ ઓફિસર મામલતદાર કચેરી નિઝર, હાર્દિક ચૌધરીની નાયબ મામલતદાર (એટીવીટી), વાલોડની નાયબ મામલતદાર (મતદાર યાદી), નિઝર, હરેશ ડી.ગામીત નાયબ મામલતદાર (ઈ-ધરા), સોનગઢની નાયબ મામલતદાર (ઈ-ધરા), કુકરમુંડા, મુકેશ કે.રાઠવા નાયબ મામલતદાર (મતદાર યાદી), નિઝરની નાયબ મામલતદાર (ઈ-ધરા), નિઝર બદલી કરવામાં આવી છે.

## બારડોલીના ગાંધી રોડ પરથી કારની ચોરી

બારડોલી : બારડોલીના ગાંધી રોડ પર આવેલ બીનીતા પાર્ક એપાર્ટમેન્ટ કે કે એન્જિનિયરિંગ વર્કસ કારખાનાની બહાર પાર્ક કરેલી ઈકો કારની ચોરી થઈ જતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. બારડોલીના બાબેન ગામે સિટી પેલેસમાં રહેતા અને મૂળ અમરેલી જિલ્લાના બગસરાના વતની શૈલેષભાઈ મનસુખભાઈ બાબરિયા ગાંધી રોડ પર આવેલા કે.કે. એન્જિનિયરિંગ વર્ક્સ નામથી ફેબ્રિકેશનનો વ્યવસાય કરે છે. ગત 13-2-25ના રોજ તેમણે તેમની ઈકો કાર નં.(જીજે 19 એએ 3663) તેમના કારખાનાની બહાર પાર્ક કરી હતી. બે દિવસ બાદ તા.15મીના રોજ સવારે તેઓ કારખાના પર પહોંચ્યા તો પાર્ક કરેલી જગ્યા પર કાર જણાઈ ન હતી. આજુબાજુ શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં અંતે 18મીના રોજ ઈ-એફઆઈઆર કરી હતી. જેના આધારે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુરુવારના રોજ ફરિયાદ નોંધાઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નવા દિવા ગામમાં વિદેશી દારૂ ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે "નવા દીવા ગામે શામજી ફળિયા રહેતા રામ ઉર્ફે રામુ મના વસાવાએ પોતાના રહેણાકમાં મોટા પ્રમાણમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો મંગાવી સંતાડી રાખ્યો છે, જેવી બાતમીના આધારે રેઇડ કરતા તેના ઘરના વચ્ચેના રૂમના ખૂણામાં ચાર મીણીયા થેલાઓમાં ઈંગ્લિશ દારૂની 750 મીલીની કાચની કુલ બોટલ નંગ-29 જેની કિં.રૂ.18502 તથા 180 મી.લી.ની કાચની બોટલ નંગ-48 કિં.રૂ.4800 તથા 500 મીલીના બિયર ટીન નંગ-45 જેની કિં.રૂ.5125 મળી કુલ નાની-મોટી બોટલ/બિયર નંગ-121 મળી કુલ કિં.રૂ.28,927નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બુટલેગર રામ ઉર્ફે રામુ વસાવાને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

### દઢાલમાં ખુલ્લામાં જુગાર ખેલતા સાત ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકા પોલીસની ટુકડી પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, દઢાલ ગામે સાગબારા ફાટક નજીક અમરાવતી ખાડીના તરફ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તાં પાનાંનો જુગાર રમે છે તેવી બાતમીના આધારે ઓચિંતી રેઇડ પાડતાં જુગારીઓમાં નાસાભાગ મચી ગઈ હતી. પોલીસે તમામને કોર્ડન કરી ઝડપી લીધા હતા અને તેમની પાસેથી અંગજડતીના રોકડા રૂ.2030 તથા દાવ પરના રોકડા રૂ.550 મળી કુલ રૂ.2580નો રોકડ મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને દઢાલ ગામના જ રહીશો એવા ધર્મેશ ઉર્ફે લમ્બુ શંકર વસાવા, લવઘણ ઉર્ફે લઘો બિજલભાઇ વસાવા, અમીત ઉર્ફે કાળો અશોકભાઇ વસાવા, દીપક ઉર્ફે દુડી ઉર્ફે જમાઇ વસંતભાઇ વસાવા, વિજય આલમ વસાવા, ઉમેશ અભેસીંગ વસાવા, મનીષ શંકર વસાવાની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

### ખરચના દત્તાશ્રય આશ્રમ ખાતે મહાયજ્ઞ યોજાશે

ભરૂચઃ હાંસોટના ખરચ ગામ નજીક આવેલ દત્તાશ્રય આશ્રમ ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. 22મી ફેબ્રુઆરીના રોજ દત્તાશ્રય આશ્રમ ખાતે 1008 સહસ્ત્ર કુંડી હનુમંત યજ્ઞનું ભવ્ય આયોજન કરાશે. આશ્રમના આચાર્ય ભાવિન પંડ્યા અને મનન પંડ્યા દ્વારા સૌપ્રથમ વખત આ મહાયજ્ઞ યોજાશે. આ હનુમાન યાગ દરમિયાન 10 લાખથી વધુ આહુતિ આપવામાં આવશે. તો સાથે જ હનુમાન ચાલીસાના 50,000થી વધુ પાઠ કરવામાં આવશે.

### તડકેશ્વરની ફલાહી હાઈસ્કૂલમાં વિદાય સમારંભ



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી-કીમ રોડ પર આવેલા તડકેશ્વર ગામની ફલાહી હાઇસ્કૂલના ધો-10 અને ધો-12ના સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા SSC/HSC બોર્ડના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી, શુભેછાઓ સાથે વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓને શિક્ષકોએ મહત્ત્વની બોર્ડની પરીક્ષા માટે માહિતગાર કર્યા હતા. જયારે શાળાના સેક્રેટરી સલીમ નાખુદાએ ફલાહીના શ્રેષ્ઠ શિક્ષક સાથે ફલાહીને જીવનપર્યંત પોતપોતાની નિ:સ્વાર્થ સેવા અંગે બાળકોનાં ઉજ્જવળ ભવિષ્ય માટે કામ બાબતે પ્રેરણા આપી હતી. અંતે મૌલાના હુમેદ અલીએ દરેક વિદ્યાર્થીઓની સફળતા માટે શુભેચ્છા સાથે દુઆ ગુજારી હતી.

### અદાણી કંપનીમાંથી કોલસાની ચોરી કરનાર પકડાયો



ભરૂચઃ દહેજ મરિન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી અદાણી કંપનીમાંથી કોલસાની ચોરી અને ખોટી બિલ્ટી બનાવવાના કેસમાં છેલ્લાં સાત વર્ષથી વોન્ટેડ આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો. ભરૂચ પેરોલ ફર્લો સ્ક્વોડના PSI એ.કે.જાડેજાની ટીમે હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે આરોપીની ભાળ મેળવી હતી. આરોપી નક્ષેદ રામપ્રતાપ સાકેત તેલંગાણાના કરીમનગરના માનાકોન્દુર તાલુકામાં છુપાયો હોવાની માહિતી મળી હતી. પોલીસ ટીમે તા.19મી ફેબ્રુઆરીના રોજ આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીને ગુજરાત લાવીને વધુ કાર્યવાહી માટે દહેજ મરીન પોલીસ સ્ટેશનને સોંપવામાં વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### સાંધીએર હાઈસ્કૂલમાં ધો.૧૦નાં બાળકોને વિદાયમાન



જયેશ પટેલ

સાયણઃ સાંધીએર ગામે કાર્યરત ગ્રાન્ટ વિનાની શ્રી બી.આર. પરમાર હાઈસ્કૂલમાં શ્રી સાંઈસેવા ટ્રસ્ટના સૌજન્યથી ટ્રસ્ટના પ્રમુખ અશોકભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને ધો.૧૦નાં બાળકોને વિદાય સાથે બોર્ડ પરીક્ષાની શુભેચ્છા પાઠવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી સાંઈસેવા ટ્રસ્ટ તરફથી ગત વર્ષે એસએસસી બોર્ડની પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે ઉચ્ચ ગુણ મેળવનારા તેજસ્વી તારલાઓને પ્રોત્સાહક પારિતોષિક વિતરણ કરાયાં હતાં. આ પ્રસંગે સાંધીએરના શ્રી સાંઈસેવા ટ્રસ્ટના માનદ મંત્રી જગદીશ પટેલ, ઈનચાર્જ આચાર્યા કુસુમબેન પરમાર, સિનિયર શિક્ષિકા સોનલબેન પટેલ, પ્રિયંકાબેન ગુપ્તા, સ્કૂલના ટ્રસ્ટી પ્રવીણભાઈ ચૌહાણ, દાતા પ્રકાશભાઈ દેસાઈ, જયેન્દ્રભાઈ દેસાઈ તથા ભરતભાઈ પુરોહિત, સહકારી અગ્રણી ચંદુભાઈ બીડજા, સ્કૂલના ટ્રસ્ટી અનિલ બીડજા, સનત દેસાઈ, ભૂપેન્દ્ર પટેલ, સ્કૂલના દાતા શ્રવણ ગુર્જર, વાલીઓ અને શાળાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

### સિંગલા પાટિયા પાસે દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

રાજપીપળાઃ નર્મદા LCB સ્ટાફ સાથે ડેડિયાપાડામાં પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળી હતી કે સાગબારાથી ડેડિયાપાડા વચ્ચે સિંગલા ગામના પાટિયા પાસે મરઘાં ભરવાના પીંજરાવાળો ટેમ્પોના ડ્રોઅરમાં રૂ.3 લાખથી વધુનો દારૂ લઈ જવાઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દારૂનો જથ્થો, ટેમ્પો, મોબાઇલ ફોન કબજે કર્યો હતો. પોલીસે બારડોલીના રઉફ રશીદ તંબોલી તેમજ મધ્યપ્રદેશના બુરહાનપુરના આનંદ નિમ્બાજી મ્હાલેને ઝડપી લીધા હતા. જ્યારે સાગરભાઈ ગામીતને વોન્ટેડ જાહેર કરાયો હતો.

### નેત્રંગ પ્રાથમિક શાળાનું ગૌરવ



પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-નવસારી દ્વારા આયોજિત નિપૂણ ભારત અંતર્ગત ઝોન કક્ષાની વાર્તા સ્પર્ધા, પ્રારંભિક વિભાગ, પ્રાથમિક વિભાગ, ઉચ્ચ પ્રાથમિક વિભાગની સ્પર્ધા રાખવામાં આવી હતી, જેમાં પ્રારંભિક વિભાગ બાળવાટિકાથી ધો.૨ના વિદ્યાર્થીઓ માટેની વાર્તાકથન સ્પર્ધામાં ઝોન કક્ષાએ નેત્રંગ નગરમાં જૂના નેત્રંગ પ્રાથમિક શાળામાં ધો.૨માં અભ્યાસ કરતી દેવાંશી સંજયભાઈ પરમારે ભાગ લઈ શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ નંબર મેળવી નેત્રંગ નગર સહિત ભરૂચ જિલ્લાનું ગૌરવ વધારતાં પ્રાથમિક શાળાનાં બાળકોમાં આનંદ સાથે ગૌરવની લાગણી ફરી વળી છે.